Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ મહા

## પદ ૨૭

લેખક : પ૦ પૂ૦ આનન્દઘનજી મહારાજ સાહેબ

અવધૂ રામ રામ જગ ગાવે, વિરલા અલખ લખાવે,
મતવાલા તો મતમેં રાતા, મઠવાલા મઠ રાતા,
જટા જટાધર પટા પટાધર, છતા છતાધર તાતા. (અ)

હે અવધૂત, આત્મન્! દુનિયા રામ રામ ગાઈ રહી છે. પણ કોઈ વિરલા રામનું અલક્ષ્ય સ્વરૂપ સમજી શકે છે. મતવાળાઓ પોતાના મનમાં રાચી રહ્યા છે. મઠમાં રહેનારાઓ મઠમાં રાચી રહ્યા છે. જટાને ધારણ કરનારાઓ પોતાના પક્ષમાં રાચી રહ્યા છે. લાકડીના પટ્ટા અને ચીપીયા વગેરેને ધારણ કરનારાઓ પોતાના મનમાં રાચી રહ્યા છે. પોતાનો મત સ્થાપન કરવા, તેઓ અનેક યુક્તિઓ કરે છે. છત્રપતિ રાજાઓ પોતાના પક્ષમાં કદાગ્રહ કરી રાચી રહ્યા છે, પોતાનો કક્કો ખરો કરવા અનેક પ્રકારના જુલ્મ કરે છે. કેટલાક મઠના મહન્તો અને સંન્યાસીઓ ઉગ્ર અભિમાન ધારણ કરનારાઓ અલક્ષ્ય સ્વરૂપ રામને ઓળખી શકતા નથી.

આગમ પઢી આગમધર, થાકે માયા ધારી છાકે,
દુનિયાદાર દુનિસેં લાગે, દાસા સબ આશાકે. (અ)

( અનુસંધાન પેજ નંબર ૫૭ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ]     જાન્યુઆરી : ૧૯૮૩     [અંક : ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
| --- | --- | --- | --- |
| ૧ | ઘોઘામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથ | અમરચંદ માવજી શાહ | ૪૫ |
| ૨ | મોક્ષ મૂલ-જ્ઞાન | મહોપાધ્યાય શ્રી મેઘવિજયજી | ૪૬ |
| ૩ | ધન એજ સર્વસ્વ નથી ! | સ્નેહદીપ | ૪૮ |
| ૪ | આર્યજીવનની ઉપશમ ભાવના | તપસ્વી મુનિહરિભદ્રસાગરજી | ૪૯ |
| ૫ | ભ્રમ | રતિલાલ માણેકચંદ શાહ | ૫૦ |
| ૬ | અંતરિક્ષ તીર્થ જયવંતા વર્તો | શાસ્ત્રી રમેશ ગાલા | ૫૨ |
| ૭ | અમુલખ જૈન સંસ્કૃતિનો ઘડનારો.... સ્વપ્ન દૃષ્ટા અજખ શિલ્પી.... | મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ. સા. | ૫૪ |
| ૮ | શાન્ત-સુધારસ | રવીન્દ્રસાગરજી | ૫૫ |
| ૯ | જૈન સમાચાર | — | ૫૮ |
| ૧૦ | અહિંસા | અમરચંદ માવજી શાહ | ૫૯ |



## આ સભાના નવા માનવંતા પેટ્રન મહાશય

## શ્રી હીંમતલાલ ચાંપશીભાઇ શાહ

## ( વલ્લભવિદ્યાનગર )

## શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતિથિ

તપાગચ્છાધિપતિ પ. પૂ. શ્રી મુળચંદજી મહારાજની પુણ્યતિથિ અંગે સંવત ૨૦૩૯ના માગશર વદ ૬ ને મંગળવાર તા. ૪-૧-૮૩ના રોજ સવારના ૧૦-કલાકે આપણી સભાના લાયબ્રેરી હોલમાં પંચ કલ્યાણક પૂજા ભણાવાઈ હતી ભાઈ-બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. પૂજામાં કળીના લાડુની પ્રભાવના કરવામાં આવી હતી.

## વિચારો !!! અંતરથી જાગૃત થાઓ !!!

જ્ઞાનીઓની આજ્ઞાનુસાર આધ્યાત્મિક વિકાસ ન સાધી શકનાર ભૌતિકવાદી કે ભોગપ્રધાન વિલાસી જીવન જીવનારા માનવની શી કિંમત !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ મહા : જાન્યુઆરી-૧૯૮૩ [ અંક : ૩

## ઘોઘામંડન શ્રી નવખંડા પાર્શ્વનાથ

( મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા )

નવખંડા પાર્શ્વજીની મૂર્તિ અલબેલી,
વદન કમળ સુખદાયરે,
અંતરના પ્રેમેથી પુજીયે નવખંડા એ ટેક-૧

ખંડ ખંડ જુદા નવ અંગ મળતા
ડાબ્યા થા લાપસીની માંયરે
અંતરના ચંદનથી પુજીયે. નવખંડા-૨

પાર્શ્વ પ્રભુની ભવ્ય પ્રતિમા
રત્ન કાંતિ સોહાયરે
અંતરના પુષ્પોથી પુજીયે નવખંડા-૩

સકળ શ્રીસંઘે, ઘોઘાના બંદરે
નામ નવખંડા પંકાયરે
અંતરના ભાવોથી પુજીયે નવખંડા-૪

થયો આનંદ આજ દર્શન કરીને
જીવન 'અમર' સુખદાયરે
અંતરના આનંદથી પુજીયે નવખંડા-૫

રચયિતા : અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः

# મોક્ષ મૂલ-જ્ઞાન

લેખક : મહામહોપાધ્યાય શ્રી મેઘવિજયજી

તે સમયમાં એક અવસર પર ચંપા નગરીમાં ગૌતમ ગણધરે અર્હંત સ્વરૂપ શ્રમણ ભગવાન મહાવીરને નમસ્કાર કરતાં કરતાં પૂછયું,

"હે દેવાધિદેવ ! લોકા લોકપ્રકાશક ભગવન્ આજે મને એ વિધિ બતાવો કે જેથી યોગી લોકોના મન વશ થાય છે"

શ્રી ભગવાન બોલ્યા,

"મનુષ્ય યોની પ્રાપ્ત કરીને પણ પ્રાણધારણ કરનારાઓએ એવા પ્રયત્ન કરવા જોઈએ કે જેથી સંસારમાં મુક્ત પરમેષ્ઠિપદ પ્રાપ્ત થાય.

પરમેષ્ઠિપદ માનવ જીવનનું ચરમ લક્ષ્ય છે તે મુજબ તેની પ્રાપ્તિનું કારણ જ્ઞાન છે-જે અનુક્રમે વૈરાગ્ય ભાવનાના જનક છે. પરમેષ્ઠિપદની પ્રાપ્તિમાં સહાય્યરૂપ તે જ્ઞાન પણ પશુભાવમાં સ્થિત રહેલ પ્રાણીઓને ગીતાભ્યાસથી સાધ્ય છે.

દ્રવ્યોના પર્યાય છે. પર્યાય વિના દ્રવ્ય નથી. દ્રવ્ય, ઉત્પાદ, વ્યય-ધ્રૌવ્યાત્મક છે તે સત્ય છે. તેના પર્યાય (પરિણામ) બદલતા રહે છે, પણ તે શાશ્વત છે આવી ભાવનાથી આત્મનિષ્ઠ ભાવના પુષ્ટ બને છે એ રીતે સંસારથી વિરક્તિ થાય, ઈચ્છાનો વિનાશ થાય તેથી દ્રવ્યો (ષડ્)ના પર્યાય ભાવના પર વિચાર કરવાથી સંસાર પ્રત્યે આસક્તિ ઓછી થાય છે. અને આ કાર્ય ગીતાભ્યાસથી સાધ્ય બને છે. તેમાં ષડ્ દ્રવ્યોનું ખૂબ વિવેચન કર્યું છે. તેથી પ્રાણીઓ માટે ગીતાભ્યાસ મોક્ષનું સાધન છે.

પૂર્વે મનના દમનની વાત કરી છે. મનનું દમન કરી, તેની ચંચલતા અપહરી, સ્થિરતા પ્રાપ્ત કરવા માટે, પ્રાણાયામ પણ કરાય છે, પરંતુ પ્રાણાયામથી જે જડતા પ્રાપ્ત થાય છે તે માત્ર સાંસારિક સિદ્ધિઓ આપનારી છે. સાગરોપમ સંખ્યાના આયુષ્યવાળા દેવ, લાંબા સમય સુધી પ્રાણાયામ કરવા છતાં પણ મુક્તિ પ્રાપ્ત કરી શકેલ નથી.

જો પ્રાણાયામથી પ્રાણોને સૂક્ષ્મત્વ પ્રદાન કરી શકાતું હોય તો તેવું સૂક્ષ્મત્વ એકેન્દ્રિય દેહધારી ઓમાં છે. તેઓમાં પ્રાણોનું સંચરણ સૂક્ષ્મ છે પણ તે મુક્ત નથી. કેમકે પવનાભ્યાસ તો કેવળ બાહ્ય વસ્તુ છે, તેથી જીવોની મુક્તિ માટે કેવળ પવનાભ્યાસજ સબકુછ નથી,

તોપણ કર્મ સંગ્રહના કારણે આ સ્થાવર એકેન્દ્રિય જીવોને પણ ભય, આહાર આદિ સંજ્ઞાઓને કારણે સંસાર પરિભ્રમણ કરવું પડે છે. એ રીતે તેમની મુક્તિની વાત પણ થઈ શકે નહિ.

જ્ઞાનોપયોગથી મન નિષ્કામ બનશે. એ રીતે અનિત્યાદિ બાર ભાવના તથા મૈત્ર્યાદિ ચાર ભાવનાઓને, ભાવનાથી અન્તિમ માધ્યસ્થ ભાવનું પ્રસ્ફુરણ થશે. તેથી મોક્ષ પ્રાપ્તિ માટે પરમાત્માના શાશ્વત સ્વભાવનું ધ્યાન કરવું જોઇએ.

આ આધ્યાત્મિક તત્વ પરમૈશ્વર્યનું લક્ષણ છે. એ રીતે આત્માની અમરતા તથા તેના મોક્ષ માટે આ સુનિશ્ચિત માર્ગ છે.

**" आत्मानं विद्धि " अयमेव पन्थाः "**
**" नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः।**

ભરત ચક્રવર્તીજીને વિષય-કષાયના કારણભૂત કેટલાં અધિક પ્રમાણમાં પરિગ્રહ હતા, છતાં કેવળ આત્મ ભાવનાથી તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું,

જેના દ્વારા આત્માને આત્મનિષ્ઠ બનાવી શકાય અથવા જે દ્વારા આત્મા સ્વરૂપાનુંસંધાન કરે-તેને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વૈરાગ્ય કહેવાય છે. સંસારમાં આત્માથી આત્માને જાણવો જોઈએ. અને આત્માનો મોક્ષમય અવ્યય પરમાત્મપદ કેવળ આ આત્મજ્ઞાનથીજ થશે.

સંસારમાં કેટલાક લોકો જ્ઞાન–શૂન્ય બનવાને મુક્તિ કહે છે, કેટલાક તપોબળથી મુક્તિ પ્રાપ્તિની વાતો કરે છે, કોઈ સંપ્રદાયમાં ભક્તિ યોગથી જ મોક્ષની પ્રાપ્તિ બતાવે છે પણ જૈન દર્શનમાં અધ્યાત્મ ભાવનાથી જ મુક્તિ પ્રાપ્તિની વાત કહી છે.

કેવળ શાસ્ત્રોના પઠન-પાઠન તથા પ્રશંસાથી અધ્યાત્મ ભાવનાની વાત કરવાથી જ આત્મ ભાવના વિકાસ પામતી નથી. વ્યક્તિ ત્યારેજ આધ્યાત્મિક બને છે જ્યારે તેની ઇચ્છા વગેરે સંસાર ભાવના વિરામ પામે છે.

વિષયોમાં અવસ્થિત પુરુષમાં પણ જો નિષ્કામ ભાવથી મુક્ત બને તો તે આધ્યાત્મિક પુરુષોમાં શ્રેષ્ઠ ગણાય છે યતિ, યોગી અથવા બ્રાહ્મણ પણ જો ઈચ્છાવાન્ હોય તો આત્મજ્ઞાની મનાતા નથી.

ઈચ્છા ઉપર વિજય પ્રાપ્ત કરવાથીજ ક્રમશ: આધ્યાત્મિક તરતમતા પ્રાપ્ત થાય છે ઈચ્છાની સઘનતાંથી નીચેના ગુણસ્થાનમાં અને ઈચ્છાની વિરલતાથી ક્રમશઃ ઉંચેના ગુણસ્થાનકમાં આત્મા પ્રવેશે છે.

નિષ્કામ ભાવથી અર્થાત્ કામના રહિત વ્યક્તિ બદ્ધ હોવા છતાં પણ ક્રમશઃ નિશ્ચય રૂપથી મુક્ત બને છે અજ્ઞાન જ મોહ છે એ રીતે મોહથી ઈચ્છા તથા તેનાથી ફરી સંસાર પરિભ્રમણ થાય છે.

જો એકજ પ્રવૃત્તિ ઇચ્છા અગર અનિચ્છાથી બને તો પહેલી ઇચ્છાથી બનેલી પ્રવૃત્તિ કર્મ બન્ધનનું કારણ બને છે. બીજી અનિચ્છાથી બનેલી પ્રવૃત્તિ નિર્જરાનું કારણ બને છે.

આત્મજ્ઞાન કેળવજ્ઞાનનું કારણ છે. વસ્તુ–વિરક્તિ ધ્યાંનનું સાધન છે. અને અનાત્માનું ચિંતન સંસારનું કારણ છે. બાહ્ય વસ્તુથી વિરક્ત બની આત્મ વસ્તુમાં ધ્યાન ધરવું શ્રેયસ્કર છે.

આધ્યાત્મિક જ્ઞાનનું લક્ષણ છે કે જે મળતાં આત્મા વિરક્ત બને છે, તેથી અધ્યાત્મક સુધારસનું પાન કરતે કરતે, વિષય કષાયોની ઉલ્ટી થાય છે–એટલે વિષય–કષાયોનું આત્મા વમન કરી દે છે.

જ્ઞાનીઓની રાગરહિત અનાસક્ત અવસ્થાથી કર્મ નિર્જરામાં પ્રવૃત્તિ હોય છે આ તત્વજ્ઞાનથી મુક્તિ પ્રાપ્તિ થાય છે એવું શ્રી જિનેશ્વર ભગવન્તોએ કહ્યું છે.

અર્હદ્ ગીતા પ્રથમ અધ્યાય

## તપો બલથી આત્મા પરમાત્મા

ગૌતમ સ્વામી ફરીથી પૂછે છે કે ઐશ્વર્યશાલી પરમાત્મા મને ઉપાય બતાવો કે જેથી પરમ-તત્વનું પ્રકાશન થઇ જાય.

શ્રી ભગવાને ઉત્તર આપ્યો કે ચિદાનન્દમય જ્યોતિ જ તત્વરૂપ છે–તે તપો બલથી પ્રકટ થાય છે.

તે જ્યોતિ સંસારમાં મિથ્યા નાહ મહાન્ધકારનો નાશ કરવાવાળી, અને જગતને પ્રકાશ કરવા વાળી જ્યોતિ છે.

તપના પ્રભાવથી જીવોની આત્મસિદ્ધિ યાને શુદ્ધ સ્વરૂપતા પ્રાપ્ત થાય છે. બાહ્ય તપથી કાયાની શુદ્ધિ, વિનિત વ્યવહારથી વચન શુદ્ધિ, અને સ્વાધ્યાયથી મન શુદ્ધિ થાય છે. આ ત્રણ શુદ્ધિથી આત્માની શુદ્ધિ થાય છે. આ આત્મ–તત્વના જ્ઞાન માટે નવતત્વની પ્રરુપણા કરી છે, આ તત્વોના જ્ઞાનથી આત્મતત્વનો સાક્ષાત્કાર થાય છે, તેના શ્રવણ, મનન, ધ્યાનથી આત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ. માયાથી નિર્મુક્ત આ આત્મા જ પરમાત્મા છે. તે તદ્રૂપતા મેળવવા માટે ક્રમશ : ભાવથી તન્મય જીવ પરમાત્માનું ધ્યાન કરે છે ત્યારે પરમેશ્વરમય બને છે. ધ્યાન માર્ગમાં પિંડસ્થ, પદસ્થાદિ ચાર પ્રકારના ધ્યાન કહ્યાં છે ધ્યાનનો પ્રારંભ ચિત્તની એકાગ્રતા બનવાની શક્તિથી થાય છે અને ક્રમશ : રૂપાતીત ધ્યાનમાં આરોહણાથી ધ્યાતાને ધ્યેય એકરૂપ બને છે

અર્હદ્ ગીતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધન–એજ સર્વસ્વ નથી !

ઉત્તર પ્રદેશનું એક નગર બરેલી યદુનાથ નામના ડોકટર ત્યાં રહેતા, નશીબે યારી આપી અને તેમને ખૂબ પ્રસિદ્ધિ મળી. જ્ઞાન સારું અને અનુભવે તેને ઓપ ચઢાવ્યો. સુંદર પરિસ્થિતિએ નવો વળાંક લીધો. કાર્ય કૌશલ્યતાનો નશો દિમાગ પર ઘેરો બન્યો. આ નશામાં ચકચૂર બનતાં, સર્વ જગોએ પૈસાજ નજરે પડવા લાગ્યા. પૈસા એજ જીવન, પૈસા એજ સર્વસ્વ દર્દી સમક્ષ પૈસા પહેલા પછી દવા ' સૂત્ર રજુ કરવા લાગ્યા. મજબૂર બની લોકો પહેલાં જ પૈસા આપી દેતા. એક બાજુ તિજોરી ભરચક બની અને બીજી બાજુ તેમનો દિમાગ ગરુડ જેમ ચકાવે ચઢયો.

એક વખત એક ગરીબ વૃદ્ધા તેમની પાસે આવી. હાથ જોડીને બોલી, " દાકતર સાહેબ, મારો એકનો એક પુત્ર બીમાર છે. આપ અત્યારે જ ચાલો તેને તાવ ખૂબ ચઢતો જાય છે. "

" પ્રથમ મારી ફીના રૂા. ૧૦૦ લાવો, પછી આવું "–લાગણી વિહીન બની દાકતરે કહ્યું. " આપ જુઓ છો કે હું તદ્દન ગરીબ વિધવા છું અત્યારે મારી પાસે સૌ રૂપિયા નથી. પણ પછી મજુરી કરી આપને હિસાબ ચુકતે કરી દઈશ અત્યારે તો આપ ચાલો મારા પુત્રનો તાવ–' નહીં', પ્રથમ રૂપિયા પછી બીજી વાત " " પરંતુ દાકતર," કરુણ સ્વરે બોલી, " આજ આપની નજરે પૈસા જ ચઢે છે, માતાનું હૃદય આપને દેખાતું નથી. કાલ આપના બેટાની વારી આવશે ત્યારે માલુમ પડશે કે માતાનુ હૃદય કેવું હોય છે." માતા રોતી, કકળતી ચાલી નીકળી.

કેટલાક દિવસો બાદ, દાકતર શિકાર માટે તૈયારી કરતા હતા, પોતાના પુત્ર નરેશને બોલાવી થોડી સૂચનાઓ આપી, એક તરફ પુત્ર સાથે વાત ચાલતી હતી અને બીજી બાજુ, બંદુક સાફ કરતા હતા એકાએક બંદુકની ' ટ્રીગર ' દબાઈ ગઈ. અને સનસનાટી કરતી ગોળીએ નરેશની ખોપરી વીંધી નાખી દાકતર હેબતાઈ ગયા. પણ ત્યાં પહોંચે તે પહેલા નરેશ મોટી વાટે ચાલી નીકળ્યો હતો.–કેવો અંજામ ! સગો પુત્ર પોતાને જ હાથે ! **દાકતરનું મગજ પાગલ સમ બની** ગયું, તેની નજર સમક્ષ તે વૃદ્ધાનો ચહેરો તરવા લાગ્યો. ત્યારથી જ દાકતરે વૈભવી જીવનને તીલાંજલી આપી, માનવ સેવામાં શેષ જીવનને સમર્પિત કર્યું.

લે. સ્નેહદીપ

અનુ. પી. આર. સલોત

✱

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઇ હોય અથવા કોઈ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, કાયસા મિચ્છામિ દુક્કડમ્



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આર્ય જીવની ઉપશમ ભાવના.......

—લે. તપોરત્ન, પૂ. આ. શ્રી ગુણોદયસાગરસૂરીના શિષ્યરત્ન–
લેખક-તપસ્વી મુનિહરિભદ્રસાગરજી.

જ્યારે આ જીવને કોઈપણ નાનો યા મોટો ઉપસંગ નડતો હોય ત્યારે આર્ય જીવની એવી કરણી જ હોય કે તે આવા ઉપસર્ગ વખતે આર્તધ્યાન રૌદ્રધ્યાન કર્યા વગર પૂર્વના મહાપુરુષોને યાદ કરે અને આવેલ આપત્તિને સમભાવે સહન કરે, પૂર્વે બાંધેલા કર્મો ન છૂટકે પણ કયારેક પણ ભોગવવા જ પડે છે. તો સમભાવે સહન કરવાથી કર્મો જલ્દીથી નાશ પામે છે અને બીજા કર્મો બંધાતા નથી.

ગજસકુમાર માથે અંગારા સહ્યા. સ્કંદક મુનિવરની જીવતે ચામડી ચીરાઇ, ખંધકસૂરી સ્વ ૫૦૦ શિષ્યો સહિત ઘાણીમાં પીલાયા, મેતારાજ મુનિવર ચામડાથી વિંટાઈ-ઘોર દુઃખોસહન કરી અંતકૃત કેવલી થયા....એ અસહ્ય કષ્ટો કયા વિચારો દ્વારા સહન કરાયા........

હે જીવ....સાવધાન બની તૈયાર રહેજે, તારેને આ નશ્વર કાયાને પાડોશી જેવો સબંધ છે, આ આપત્તિ-સંકટ તારી-કાયા ઉપર આવી છે, એટલે પીડા-પાડોશીના ઘરે છે તેથી તારું કંઈજ જતુ નથી. જે બળે છે, ચીરાય છે, કપાય છે, ઉખડે છે તે બધું શરીરનું જ છે તારું તો વિશુદ્ધ સ્વરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્ર છે એ કંઈ કોઈનાથીય બળે-પીલાય-ચીરાય-કપાય નહિં, તો પછી તારે શેની ખોટ છે કે રોવાનો અવસર આવે........

હે ભાગ્યશાળી આત્મન્....! કાયાનું જાય તેમાં રોવા જેવું શું છે-? કેમકે એ તો સડન્-પડન વિધ્વંસનના સ્વભાવવાળી છે જ એટલે બચાવી કંઇ અમર રહેવાની નથી. આવા અનંતા શરીરો બચાવવાની આ જીવે ઘણી મહેનત કરી છતાં નાશ થવાવાલી આ કાયા નશ્વર છે તુ ચિંતા નકર. માથું બળવા, શરીર પીલાવા, સાથે કર્મ પણ બળે-પીલાય છે, જો જીવ સમતા ભાવે સહન કરે તો એ જલ્દી વેદનામાંથી છૂટી જાય છે અને શુદ્ધ આત્મ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. સંસાર પીડાનું ઘર છે, જો તું એ પીડા સ્વેચ્છાએ વધાવી લે તો એના ગુણ અપાર છ. શુળીનું વિઘ્ન સોયથી પતી જાય છે. કોહિનુર હીરા જેવું આ જિનશાસન તારી પાસે છે તો પછી કાચના ટુકડા જેવા આ શરીરે શાતા નહોય તેમા રોવાનું શું હોય-? અંતે તારું શુદ્ધ આત્મસ્વરૂપ જો અને એને પ્રાપ્ત કર....એનો એકેય પ્રદેશ ખોરવાય તેમ નથી........





For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભ્રમ

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

અનાદિ કાળના અનંત ભવોમાં મિથ્યાત્વ વાસિત આત્માએ પોતાના સ્વગુણોની એટલે કે આત્મગુણોની વિરાધના જ કરેલી હોવાથી તેણે સંસારનું આવન-જાવન ચાલુ રાખેલ છે, અને અનંતા દુઃખો ભોગવી રહેલ છે, કારણ કે સંસારનું સુખ તે સાચું સુખ નથી તે સુખની પાછળ દુઃખ ડોકીયા કરતું જ હોય છે. સાચું સુખ તો મોક્ષમાં જ હોઇ શકે. જે અખંડ અને કાયમ ટકનારૂં છે. તેમાં પરિવર્તન આવતું નથી કારણ કે આત્મા અનંત સુખમય છે તે તેનો સ્વગુણ છે અને ગુણ-ગુણીને ભેદ હોતો નથી એટલે અભેદ હોય છે. મોક્ષમાં શરીર હોતું નથી, તે તો શરીર આકારે કેવળ આત્માજ સિદ્ધશીલા પર બીરાજતો હોય છે. જે સુખ શાશ્વત છે અને અનંતપણ છે.

જ્યારે આપણો આત્મા મિથ્યાત્વને કારણે અનાદિકાળથી દુઃખથી છલોછલ એવા સંસારમાં આવન-જાવન કરી રહ્યો છે અને ચાર ગતિમાં ભમી રહ્યો છે. સંસાર તેને માટે ઉભોને ઉભોજ છે. કોઈક સમયે થોડા પુણ્ય કર્મના ઉપાર્જનને કારણે દેવગતિમાં ગયો હોય તો પણ ત્યાં ભોગ-વિલાસમાં પોતાનું આયુષ્ય પુરૂં કરીને ફરીથી પાછો દુર્ગતિની ગર્તામાં ધકેલાઈ જાય છે. મનુષ્ય જન્મ પામીને પણ મિથ્યાજ્ઞાન, ભ્રમજ્ઞાન કે પૂર્વ-ગ્રહના કારણે પોતાના સ્વસ્વરૂપને સમજી શકતો નથી, મિથ્યાદર્શનને કારણે પોતાને જોઇ શકતો નથી અને મિથ્યાચારિત્રને કારણે પોતાને આરાધી શકતો નથી. તેથી દેવને પણ દુર્લભ એવો મનુષ્ય અવતાર પામ્યો હોવા છતાં પણ આત્મતત્ત્વ કે પરમાત્મ તત્ત્વને પિછાની ન શકવાને કારણે ભયંકર એવા ભવસાગરમાં ભમ્યા કરે છે. પરંતુ અનંત ભવોમા ભમ્યા કરતો આ જીવાત્મા પોતાની અકામ નિર્જરાને લીધે અનેક ચીકણા કર્મો જ્યારે ભોગવી લે છે; ત્યારે ભવિતવ્યતાને કારણે આત્મ સન્મુખ બનીને સ્વગુણોનો વિકાસ સાધે છે.

તેવી રીતે કુવાસનાના કારણે, હિંસા-જૂઠ-ચોરી આદિ વિભાવદશામાં આળોટે છે. જેથી તેની જીભમાં કડવાસ, નયનોમાં ઝેર, મારામારી, હિંસા, શુદ્રતા આદિ અનેક દુર્ગુણો તેનામાં આવિષ્કાર પામે છે. આવી વિકટ પરિસ્થિતિમાં કોઇ સમયે જાગૃત બનેલો આત્મા પોતાના આવા ખરાબ કર્મોને સુધારવા માટેનો પુરૂષાર્થ શરૂ કરે છે અને સ્વસ્વરૂપ સાથે અનુસંધાન કરે છે, ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી ભાવાચારમાં આવે છે

જ્યારે મિથ્યાજ્ઞાનથી અનાત્મીય વસ્તુમાં આત્મીય વસ્તુ માનવામાં આવે છે. જેમકે કુટુંબ પરિવાર, દ્રવ્ય, સ્ત્રી, શરીરાદિ વસ્તુઓ સાથે ન આવનાર અને પોતાની ન હોવા છતાં પણ પોતાની માની લે છે આ એક ભ્રમ છે. જે પોતાનું નથી તેને પોતાનું માનવું તે મિથ્યાત્વ છે. ઊંધી માન્યતા છે. તેમજ અનેક ભૌતિક વસ્તુઓ પ્રત્યે રાગ ધરાવવો અને દુષ્ટ મનોવૃત્તિ રાખવી એ મિથ્યા જ્ઞાન છે ગ દ્વેષન દૂર કરવા એટલે સમતાનો આવિર્ભાવ કરવો એ સમ્યક્જ્ઞાન છે

આ સંદર્ભમા દષ્ટાંત આપવામાં આવે છે કેઃ- પોપટને પકડવા માટે-ઝાડપર ચક્ર ગોઠવવામાં આવે છે. તે ચક્રની અણી ઉપર એક કારેલું લગાડવામાં આવે છે. એ કારેલાને ખાવા માટે પોપટ ત્યાં ઉપસ્થિત થાય છે. પોપટના બેસવાથી ચક્ર ફરવા માંડે છે, ત્યારે પોપટ કોઇએ તેને પકડયો ન હોવા છતાં પણ પોતે એમ માની લે છે કે, 'મને કોઇએ પકડયો છે.' એમ માની લઈ પોતે પણ ચક્રની સાથે ફરવા માંડે છે. જો આ ભ્રમમાંથી મુકત થઈ જાય તો પોતે છૂટોજ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે, પરંતુ આ ભ્રમમાંથી તે મુક્ત થતો નથી અને પકડાઈ જાય છે.

આજ પ્રમાણે બીજું દ્રષ્ટાંત વાંદરાનું આપવામાં આવે છે કેઃ–

વાંદરાઓને પકડવા માટે ચણા ભરેલું ઉપરથી સાંકડા મોઢાનું વાસણ રાખવામાં આવે છે. એટલે વાંદરો ચણા ખાવા માટે તે વાસણમાં હાથ નાખે છે અને ચણાની મૂઠી ભરે છે, જેથી મૂઠી ભરેલો હાથ બહાર નીકળી શકતો નથી એટલે તે હાથ બહાર કાઢવા ઘણાં ફાંફાં મારે છે. પણ મૂઠીને છોડતો નથી અને તે માની લે છે કે મને કોઈએ પકડયો છે, ખરેખર તો કોઈએ તેને પકડયો નથી, મુઠી છોડી દે તો તે છૂટોજ છે, પણ ભ્રમને કારણે તે મૂઠી છોડતો નથી અને પકડાઈ જાય છે.

તેવી જ રીતે આત્મા પણ અનાત્મીય વસ્તુમાં સ્વપણાની બુદ્ધિ કરવાથી, બહિરાત્મ પણે જેત્યાગ કરવા યોગ્યઅને જે ઉપાદેય એટલે કે આદરવા યોગ્ય હોય એવા વિચાર વિહીન બની કેવલ ઇંદ્રિયોના વિષયોમાં લુબ્ધ બની કર્મો ઉપાર્જન કરે છે જે બંધનરૂપ છે અને જ્યારે શરીરાદિ વસ્તુમાં અનાત્મીયતા આચરી અંતરાત્માથી હેયોપાદેયના વિચાર સહિત વિષય સુખોથી પરાઙ્મુખ એટલે કે, સંસારવર્તી વસ્તુઓ પ્રત્યે રાગ–દ્વેષ રહિત બને છે, ત્યારે તે સંસારમાં રહ્યો હોવા છતાં પણ મુક્ત છે.


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંતરિક્ષ તીર્થ જયવંતા વર્તો

જૈન આગમોમાં તીર્થ બે પ્રકારનાં છે (૧) જંગમ અને (૨) સ્થાવર સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા જંગમ તીર્થ કહેવાય અને જ્યાં જીનેશ્વરોનાં કલ્યાણકો થાય, જ્યાં જિનેશ્વરો વિચરે અર્થાત જ્યાં દેશના આપે તે સર્વ તીર્થો સ્થાવર તીર્થો કહેવાય, એ તીર્થ ઉપર દેરાસરોનું નિર્માણ કરવામાં આવે છે. અને જિનેશ્વરોની ખૂબ સુંદરતાથી 'ભક્તિ' કરવામાં આવે છે. હાલ ભારત ભૂમિની પવિત્ર ધરતી પર સમેતશિખર, શત્રુંજય, પાવાપુરી, અંતરિક્ષ વગેરે ઘણાંજ તીર્થો છે તેમાં અંતરિક્ષતીર્થની રૂપરેખા જાણવા જેવી છે. તે અહીં રજુ કરું છું.

વીસમા ભગવાન શ્રીમુનિસુવ્રત સ્વામી જ્યારે આ પવિત્ર ભૂમિ પર વિચરતા હતા ત્યારે પણ ૨૩મા ભગવાન શ્રી 'પાર્શ્વનાથ' ભાવિકોથી પૂજાતા હતા તેનું ટુંકો લેખ આ પ્રમાણે છે.

લંકામાં જ્યારે રાવણનું શાસન ચાલતું હતું તે વખતે રાવણે પોતાના બનેવી ખરદૂષણને કોઈક કાર્ય માટે આજ્ઞા કરી, ખરદૂષણ પણ 'તહત્તિ' કહે આજ્ઞા સ્વીકારી અને તરત જ વિમાનમાર્ગે બહાર ઊપડયો, બપોરનું સમય હતું તે વખતે વિમાન હિંગોલી નામના સ્થળે ઊતર્યું ખરદૂષણની પ્રતિજ્ઞા હતી કે જિનપુજા વિના અન્ન લેવું નહિં, તેથી રસોઇયાને કહ્યું હે ભાઈ! પુજા વિના મારાથી અન્ય કોઇ કાર્ય થઇ શકશે નહી. તેથી જલ્દીથી જિન-પ્રતિમા લઈ આવ. આ વાત સાંભળતાની સાથે જ રસોઇયાએ કહ્યું રે! માફ કરજો, આજે પ્રતિમા લેતા ભુલાઇ ગઈ છે, તેથી ખરદૂષણે તરત જ ત્યાં રેતી અને પાણીથી જિનમૂર્તિ બનાવી, ને તેની ભકિતભાવથી પૂજા કરી. આ પૂજાનું કામ પતાવી બાદ સ્વકાર્ય કર્યું અને પોતાને માર્ગે આગળ ચાલ્યા. આ બાજુ મૂર્તિની કોઇપણ જાતની આશાતના ન થાય તેમ ખરદૂષણે આ મૂર્તિને મુસાફરી પહેલા જ એક કુવામા પધરાવી દીધી હતી, અને તે કુવામાં રહેલ દેવે તે મુર્તિની ભાવપુર્વક પુજા કરી. આમ કેટલોક સમય પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ કુવામાં જ રહી.

સંવત ૧૧૧૫ની વાત છે વરાડ દેશના શ્રીપાળ રાજાને કોઢનો રોગ હતો ઘણા ઊપાય કર્યા છતાં તે રોગ શરીરમાંથી જતો ન હતો તેથી તે ઘણોજ કંટાળી ગયો હતો આને લીધે તે એક વખત બહાર ફરવા નીકળ્યો, ફરતાં ફરતાં તે શ્રીપાળ એક કુવા પાસે પહોંચ્યો જ્યાં શ્રી પાર્શ્વનાથની મૂર્તિ પધરાયેલ હતી. તે કુવામાંથી તે રાજાએ પાણી ખેંચીને પીધું હાથ પગ મોં વગેરે પણ ધોયા બાદ વિશ્રામ લઈ પોતાના વતન પાછો ફર્યો તેજ રાતે તેને કયારે પણ નિદ્રા ન આવી હતી, તેવી ઊંઘ આવી ગઇ સવારે ઊઠીને જોયું તો શરીર ઉપર કોઈપણ પ્રકારનો રોગ ન હતો, એટલું જ નહિં કિન્તુ સુવર્ણ જેવું એનું શરીર શોભવા લાગ્યું આ જોઇ બધાને આશ્ચર્ય થયો, વધુ પૂછતાં રાજાએ બધી હકીકત સમજાવી રાજાને પણ થયું કે ચોક્કસ આ કુવાનો અધિષ્ઠાયક દેવ છે તેથી દેવના પ્રત્યક્ષ દર્શન કરવા અઠ્ઠમતપની આરાધના કરી ચોથા દિવસે પ્રસન્ન થઇ દેવે કહ્યું રાજન્! આ કુવામાં ખરદૂષણ રાજાએ પધરાવેલ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા છે તેના સ્પર્શ માત્રથી આ કુવાનું પાણી અતિનિર્મળ બની ગયું છે. જે કોઈ આ પાણીનો ઊપયોગ કરે છે તેના સર્વ રોગ નષ્ટ થાય છે. તેં 'આ પવિત્ર પાણીનો ઊપયોગ કર્યો તેથી તારાં રોગો નાશ પામ્યા.' આ વાત સાંભળી રાજાને મૂર્તિ ઘણીજ ગમી ગઇ અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ મૂર્તિ લેવા હઠ કરી તેથી ધરણેન્દ્રે આવીને કહ્યું હે મહાપુણ્યવાન્ ! આવતી કાલે સ્વચ્છ થઇ કુવા પાસે આવજે હું તને જે પ્રમાણે કહું તે પ્રમાણે મૂર્તિ પધરાવવી પણ એટલું ખ્યાલ રાખજે કે જે હું કહું તેમાં ખામી આવી ગઇ તો આ મૂર્તિ તને મળશે નહિં, બધી વાત રાજાએ કબુલ કરી, બીજે દિવસે ધરણેન્દ્રના કહ્યા મુજબ કુવા પાસે આવ્યો, ધરણેન્દ્રે પણ નિયમ મુજબ 'પાર્શ્વનાથ'-ની પ્રતિમા રથમાં પધરાવી.

આગળ ચાલતાં રથનો અવાજ સંભળાયો નહિં તેથી રાજાને શંકા થઈ આ શંકાને નિવારવા રાજાએ પાછળ નજર કરી તો રથ મૂર્તિ વિના આગળ નીકળી ગયો અને મૂર્તિ એક વડ નીચે સાત હાથ અધ્ધર થઇ ગઇ રાજાને ઇચ્છા હતી કે આ મૂર્તિ એલચપુર લઇ જવી પણ એ વાત શક્ય ન થઇ તેથી શ્રીપાળ રાજાએ જયાં પ્રતિમા હતી ત્યાં જ મંદિર બંધાવી સંવત ૧૧૪૨માં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી.

અંતરીક્ષ ' પાર્શ્વનાથ 'ના મહિમાને બતાવતો એક બીજો પ્રસંગ છે ૫૭૦ વર્ષ પહેલા જેમની આંખોનું તેજ ચાલ્યું ગયેલ એવા મુનિશ્રી ભાવવિજયજીના ગુરુ વિજયદેવસૂરિએ તેમને દેવીની આરાધના કરવાનું કહ્યું. ગણિવર્ય મુનિશ્રી ભાવવિજયજીએ પણ ગુરુની આજ્ઞા શિરોધાર્ય કરી દેવીની આરાધના શરૂ કરી, તેથી દેવી પ્રસન્ન થયા. ને કહ્યું હે મુનિ ભાવવિજય ! તું અંતરિક્ષપાર્શ્વનાથનું શરણું લઈશ તો જરૂર તને તારી આંખોનું તેજ પાછું આવી જશે વાત સાંભળતાની સાથે જ મુનિ બીજાઓ સાથે શિરપુર આવ્યા અને ત્યાં પાર્શ્વનાથની ભાવપુર્વક સ્તુતિ કરી નેત્ર આપો, નેત્ર આપો, આ મુનિના ઊદ્‌ગારની સાથે જ તેમની આંખોના પડળ તૂટી ગયા અને ત્રણ જગતના નાથ એવા પાર્શ્વનાથના દર્શન કર્યા. તેજ રાત્રે ધરણેન્દ્રે આવી મુનિને સ્વપ્નમાં કહ્યું હે મુનિવર્ય ! આ મંદિર જુનું છે. તો તું નવું કરાવ. તેથી મુનિશ્રીએ 'પાર્શ્વનાથ'નું નવું જિનાલય કરાવ્યું, જે આજે પણ વિદ્યમાન દેખાય છે. આ નવા જિનાલયમાં મુનિશ્રી ભાવવિજયજીએ સંવત ૧૭૧૫ના ચૈત્રસુદ ૬ને રવિવારના રોજ અંતરીક્ષપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. આ હતી ભગવાનશ્રી અંતરીક્ષપાર્શ્વનાથની આછી રૂપરેખા હવે જોઇએ અંતરીક્ષપાર્શ્વનાથ ભગવનાની આજની પરિસ્થિતિ. (ક્રમશઃ)

લેખક :– **શાસ્ત્રી રમેશ લાલજી ગાલા**

## 卐 પંચ પરમેષ્ઠિ નમસ્કાર 卐

નમસ્કાર હો અરિહંતોને....અંતર શત્રુ તણા હરનારા
નમસ્કાર હો સિદ્ધ સકલને.... અજરામર પદના ધરનારા
નમસ્કાર હો આચાર્યવર્યોને.... પાળે પળાવે પંચાચારા
નમસ્કાર હો ઉપાધ્યાયોને.... ભણે ભણાવે આગમ સારા
નમસ્કાર હો લોકના સર્વસાધુને....પંચ મહાવ્રતના પાલનહારા
એ પાંચે નમ કાર સર્વથા.... સર્વ દુરિતોના હરનારા
સર્વ મંગલોમા એહ મંગલ.... પ્રથમ સર્વમાં ઉત્તમ એહ.
''શ્વંકાર્ય'' ભવસાગરનો તારક.... મંત્રરાટ મનમોહક તેહ...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમુલખ જૈન સંસ્કૃતિનો ઘડનારો....

## સ્વપ્નદ્રષ્ટા અજબ શિલ્પી........

મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ૦ સા૦

વિસંતોત્સવનો સોહામણો એ દિવસ હતો. ગુર્જર સમ્રાટ ભીમદેવની હાજરીમાં ગુજરાતનાં ગરવા તીરંદાજો તીરંદાજી ખેલી રહ્યા હતા. પાટણની પ્રજા આ શૂરવીરોને આનંદથી નિહાળી રહી હતી. છેલ્લે એક નિશાન ગોઠવવામાં આવ્યું અને એ નિશાનને જે વીંધે તેને માટે સારૂં એવું ઇનામ જાહેર થયું, તીરંદાજોની આમાં કસોટી હતી. કારણ કે નિશાન ઘણું દૂર અને કઠણ હતું. એક પછી એક તીરંદાજો આવતા ગયા ને નિશાનને તાકતા ગયા, પણ એ નિશાન કોઇથી પણ ભેદાયું નહિં........

એવામાં ખભે ધનુષ્ય નાંખીને એક અજાણ્યો યુવાન આવતો દેખાયો પડછંદ છતાં દૃઢ છાતી, ગોળ ગોળ મસલ, ઝૂલતા બાહુ અને વજ્ર જેવો દેહ સાદા વસ્ત્રોમાં છૂપાયેલો હતો એણે આવી રાજાને વિનયથી નમન કર્યું, ભીમદેવ મહારાજાએ એની સામે જોયું તો શ્યામ-ઘટાદાર દાઢીમૂછમાં પુનમના ચાંદ જેવું પ્રકાશિત મુખ હસી રહ્યું હતું, રાજાએ કહ્યું....યુવાન...! તું પણ તારા તીરને આ નિશાન પર અજમાવી જો....

નવ યુવાન ચાર ડગલા આગળ આવ્યો. પોતાની કાયાને જરા ટટાર કરી ધનુષ્યને નમાવ્યું, પોતાના કાન સુધી પણછ ખેંચી લાક્ષણિકતાથી તીર છોડયું, અને એક ક્ષણમાં તો એ નિશાન ભેદીને ગગનમાં અદૃશ્ય પણ થઈ ગયું....મહારાજા ભીમદેવના આશ્ચર્યનો પાર ન રહ્યો, એક વણિકમાં આવું મહાન બળ ને આવી કળા...?

રાજા ભીમદેવે તીર કયાં ગયું છે એ શોધવા સૈનિકને મોકલવા માંડયો, ત્યારે નવલા આ યુવાને કહ્યું....રાજન્ માણસને નહિં, ઘોડેસવારને મોકલો, નહિં તો એ સાંજે પણ પાછો નહિ આવે.

બાર માઈલની મજલ કરી હાંફતો એ ઘોડેસવાર તીરને મહારાજાની સન્મુખ હાજર કરતાં કહેવા લાગ્યો, કૃપાનાથ....? છ માઇલ દૂર જઈ આ તીર પડ્યુ હતુ....આશ્ચર્યમાં ડૂબેલા મહારાજાએ પુછ્યું' યુવાન તારું નામ....?

વણિકે નમ્રતાથી નમન કરી કહ્યું....સ્વામિનાથ લોકો મને વિમળ કહી બોલાવે છે.

ને થોડા જ દિવસોમાં પાટણની પંચરંગી પ્રજાએ આશ્ચર્યકારી વાત સાંભળી કે વિમલ મહામંત્રીશ્વર બનેલ છે ને સૌ કોઈ રાજીના રેડ થઇ ગયા.

પરંતુ આજતો આબુ-દેલવાડાના દેવ ભવન જેવા વિરાટ-અમુલખ-કલા કારિગરી યુક્ત ભવ્ય જિનાલયો જોઇને આખું જગત મુક્ત કંઠે કહે છે કે એ વિમલ મંત્રીશ્વર ગુજરાતનો ભલે હોય, પણ વિશેષમાં એ તો હજારો વર્ષ સુધી સ્મરણીય રહે એવી જૈન સંસ્કૃતિનો ઘડનારો એક મહાન સ્વપ્નદૃષ્ટા શિલ્પી હતો........



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાંન્ત-સુધારસ

—રવીન્દ્રસાગરજી

[ ભવ અટવીમાં ભૂલા ભમતા ભવ્યજીવોને આશ્વાસન અને સાન્ત્વના દ્વારા સમાધિ પ્રાપ્ત કરાવો અનુક્રમે મોક્ષનગરમાં પહોંચાડનાર ભોમિયા=માર્ગદર્શક તુલ્ય અનિત્યત્વાદિ-૧૨ અને મૈત્રી આદિ ૪=૧૬ ભાવના સ્વરૂપ શ્રી શાન્તસુધારસગ્રંથ-મૂળકર્તા ઉપાધ્યાશ્રી વિનયવિજયજી મહારાજ સાહેબ. ]

વિવેચક-મુનિરાજશ્રી રવીન્દ્રસાગરજી મ.

## પ્રથમ-અનિત્ય ભાવના

**बुरि ! वपुरिदं विदम्भलीला**
**परिचितमप्यतिभङ्गुरं नराणाम् ।**
**तदतिभिदुरयौवनातिनीतं**
**भवति कथं विदुषां महोदयाय ॥ १ ॥**

## શરીર અને યૌવન

ઓ બાપ રે ! સંધ્યાના રંગ તુલ્ય અતિશય મનોહર દેખાતું પણ આ મનુષ્યોનું શરીર સનત્કુમાર ચક્રવર્તીના શરીરની જેમ ક્ષણ વારમાં વિરૂપતાને ધારણ કરે છે.

તથા નદીના પુર જેવું આ યૌવન પણ અતિશય ચંચલ અને વિકારોનો હેતુ હોવાથી વિદ્વાન્ = ચતુર પુરૂષોને મહોદય - સુખને માટે કેવી રીતે થાય ? અર્થાત્ આ શરીર અને યૌવન જરા પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી પણ યુક્તિ પૂર્વક વ્રત-નિયમોના પાલન દ્વારા અસાર એવા શરીર અને યૌવન પાસેથી સાર ભૂત જયણામય ધર્મની આરાધના કરી લેવી જોઇએ !!!

**आयुर्वायुतरत्तरङ्गतरलं लग्नापदः सम्पदः**
**सर्वेऽपीन्द्रियगोचराश्च चटुलाः**
**सन्ध्याभ्ररागादिवत् ।**
**मित्र स्त्री स्वजनादिसङ्गमसुखं**
**स्वप्नेन्द्रजालोपमं**
**तत्किं वस्तु भवे भवेदिह**
**मुदामालम्बनं यत्सताम् ॥ २ ॥**

અતિ વિષમ એવા આ સંસારમાં :—

પ્રાણીઓનું આયુષ્ય-અતિશય ચંચલ એવા વાયુના તરંગ જેવું છે.

- સંપત્તિઓ વિપત્તિઓથી યુક્ત જ છે.
- પાંચે ઇંદ્રિયોના બધા જ વિષયો સંધ્યાના વાદળના રંગ તુલ્ય ક્ષણભંગુર છે.
- મિત્ર-સ્ત્રી અને સ્વજન આદિના સંયોગનું સુખ સ્વપ્ન અથવા ઇંદ્રજાળ તુલ્ય છે.

તો આવા વિનશ્વર સંસારમાં એવી કઇ વસ્તુ છે કે જે સજ્જન પુરૂષોને હર્ષને માટે થાય ? અથાત્ ક્ષણ વારમાં વિદ્રુપતાને પામતા સંસારના દરેક પદાર્થો શાશ્વત સુખના સાધન ન જ બને !!!

૧. વાયુ જેમ કયાંય સ્થિર ન રહે, પણ નિરંતર ગતિશીલ જ હોય તેમ આ સંસારમાં પ્રત્યેક જીવનું આયુષ્ય સ્થિર નથી જ, પણ નિરંતર ગતિશીલ જ છે અર્થાત્ જન્મ પછી પ્રતિસમય આયુષ્ય ક્ષીણ થતું જ જાય છે, આયુષ્યના દલ પ્રતિસમય ભોગવાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ૧૭ પ્રકારના મરણ વર્ણવેલા છે તેમાં આવીચિ નામનું મરણ પ્રત્યેક સંસારી જીવોને પ્રતિસમય ચાલુ જ છે. આવીચિ એટલે તરંગ જેમ સરોવરમાં કાંકરો નાખીએ એટલે તરંગ ઉઠે અને ક્રમશઃ નવા નવા તરંગો ઉત્પન્ન કરી પોતે સમાપ્તિને પામે છે તેમ ઉદયાગત આયુષ્ય દલ ભોગવાઇને ક્ષય થાય છે અને નવા નવા દલો ઉદયમાં આવે છે.

અનુક્રમે સર્વ આયુષ્ય કર્મ દલ ભોગવાય તેને આપણે લોક ભાષામાં મરણ કહીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુભૂમ ચક્રવર્તી જ્યારે ધાતકી ખંડના ભરતના છ ખંડને જીતવા નિકળ્યો ત્યારે રસ્તામાં જ અચાનક અશુભ કર્મના યોગે પરિવાર સાથે લવણ સમુદ્રમાં ડૂબીને મરણ પામ્યો,

પ્રદેશી રાજા છઠ્ઠ તપ સાથે પૌષધ વ્રત કરેલ તપના પારણા પ્રસંગે સુરીકાંતા નામની રાણીએ વિષ પ્રયોગ દ્વારા રાજાનું મરણ નિપજાવ્યું.

ઇત્યાદિ અકાળ મરણના ઘણા દૃષ્ટાંતો શાસ્ત્રોમાં મળે છે માટે આયુષ્ય વાયુના તરંગ જેવું જ ચંચલ છે. અર્થાત્ જગતના જીવોનું આયુષ્ય અનિત્ય છે. વિનશ્વર ક્ષણભંગુર છે.

૨. સંપત્તિ-ધન-અર્થ ખરેખર અનર્થનો હેતુ છે સેચનક હાથી અને દિવ્ય હારના કારણે જ ચેટક મહારાજા અને કુણિક રાજાનો મોટો સંગ્રામ થયેલ. કે જેમાં કરોડો યોદ્ધાઓ મરણ પામ્યા.

રાજ્ય સંપદાને માટે જ ભરત ચક્રવર્તી અને બાહુબલી વચ્ચે ૧૨ વર્ષ પર્યંત યુદ્ધ થયેલું.

રત્નજડિત સુવર્ણના કચ્ચોલા માટે જ સુર અને અસુર નામના ભાઇઓ દૂર્ગતિના અધિકાર બન્યા.

ખરેખર ધનને મેળવવામાં કષ્ટ સહન કરવું પડે છે

મેળવેલા ધનનું રક્ષણ કરવામાં પણ ઉજાગરા કરવા પડે છે.

ધનના ખર્ચ સમયે પણ મૂઢમતિ જીવ આકુળ-વ્યાકૂળ થાય છે અનર્થકારી એવા અર્થધનને માટે જીવ એનેક પ્રકારના કર્મો ઉપાર્જન કરીને અંતે દુર્ગતિનો મહેમાન બને છે.

ધનવાન્ધનિકને-ચોરોનો ભય નિરંતર હોય છે
રાજાનો પણ ભય હોય છે.
અગ્નિ સર્વ નાશ સર્જાવે છે.
યક્ષ પણ ભૂમિમાં દાટેલું ધન સંહરો જાય છે.

તેથી ખરેખર સંપદાઓ વિપદાઓની સાથે જ હોય છે જેમ શરીરનો પડછાયો-

૩. પાંચે ઇન્દ્રિયોના વિષય સુખ સંધ્યાના વાદળ જેવા છે. જેવી રીતે સંધ્યાના વિવિધ રંગો મનોહર વાદળની સુંદરતા ઘડી-બે ઘડી સુધી રહીને અદશ્ય થાય છે. તેવી જ રીતે આ સંસારમાં સ્પર્શેન્દ્રિય રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય-ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિયના વિષય સુખો પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી જ અનુકૂળ રહીને ક્ષણ વારમાં પ્રતિકૂળતાને આચરે છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીનો પ્રકૃષ્ટ પુણ્યોદય હતો ત્યાં સુધી વિષય સુખ અનુકૂળ રહ્યા અને જ્યારે પાપ કર્મોનો ઉદય થયો ત્યારે તેજ પદાર્થો પ્રતિકૂળ બને છે.

આપણા જ જીવનમાં જુઓને-એકની એક વસ્તુ કાળાંતરે કે-ક્ષેત્રાંતરે પ્રતિકૂળ જણાય છે.

શિયાળામાં અનુકૂળ લાગતા ઉની વસ્ત્ર ઉનાળામાં પ્રતિકૂળ બને છે ભૂખ વખતે અનુકૂળ એવું ભોજન તાવ સમયે અરૂચી કર લાગે છે.

**प्रातभ्रतिरिदावदात्तरुचयो ये चेसनाश्चेतनाः**
**दृष्टा विश्वमनः प्रमोदविदुरा भाव स्वतः**
**सुन्दराः ।**
**तांस्तत्रैव दिने विपाकविरसान् हा ! नश्यतः**
**पश्यतः**
**चेतः प्रेनहतं जडाति न मवप्रेमनुबन्धं**
**मम ॥ १ ॥**

હે ભાઈ ! પ્રાંત: કાળે જે ચેતનવંત અને અચેતન એવા પદાર્થો અતિશય રળીયામણા અને રૂચીકર લાગે છે, જોવા માત્રમાંજ બધા જ જીવોના મનને પ્રમોદિત કરે છે,

અને કુદરતી રીતે જ જેઓ સૌદર્ય યુક્ત છે, જેમકે સવારે સૂર્યોદયનો સમય-પૂર્વ દિક્ષા.

વન-ઉદ્યાનની સૌમ્યતા-

સરોવરમાં કમળ પુષ્પોની વિકસ્વરતા-

ઉદ્યાનમાં પક્ષીઓની કલરવતા-

વિગેરે પ્રાતઃકાળનું પ્રાકૃતિક સૌંદર્ય મધ્યાન્હ કાળે જરા પણ જોવા મળતું નથી.

સૂર્ય તપી રહેલો હોય છે.

વન-ઉદ્યાનમાં ચોમેર સુનસામ લાગે છે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુષ્પો કરમાય છે.

તથા સવારનું બનાવેલું સુંદર ઓદન-દાળ-ભાત વિગેરે ભોજન બપોરે ખાવા ગમતા નથી બપોરની રસોઇ સાંજે ભાવતી નથી. તથા સવારના સમયે જેની સાથે આનંદ-પ્રમોદ-વાતચીત કરેલ તેજ સ્વજનને મધ્યાન્હ કાળે અકસ્માત્ મરણ પામેલ જોઇએ છીએ.

મધ્યાન્હ કાળે જેની સાથે બેસીને ભોજન કરેલ તે જ દાદા અથવા પિતાજી આયુઃ પૂર્ણ થયે સન્ધ્યા સમયે દિવંગત થવાથી બોલતા પણ નથી.

ખરેખર એક જ દિવસમાં સુંદર અને રળીયામણી વસ્તુઓનું તથા સ્નેહ વાત્સલ્ય વર્ષાવનારા સ્વજનોનું વિનાશ થતું જોવા છતાં પણ ખેદની વાત છે કે-ભૂતના વળગાડથી અસ્વસ્થ થયેલું આ મારૂં મન સંસારના પ્રેમને તજતું નથી ! ! !

ભવના પ્રેમના અનુબંધને છોડતું જ નથી ! ! !

હા ! હા ! હા ! નાશવંત એવા આ ભવમાં જીવને આધાર કોનો ?......... (અપૂર્ણ)

---

( અનુસંધાન ટાઈટલ પેજ ૧નું ચાલુ )

કેટલાક આગમને ભણનારા આગમધરો પણ થાકયા. માયાને ધારણ કરનારાઓ, માયામાં છાકી ગયા છે. માયારૂપી રાક્ષસી જીવોના જ્ઞાદિ સત્ત્વનું ભક્ષણ કરી જાય છે. દુનિયાના મનુષ્યો જગતના વ્યવહારમાં-રાગ અને દ્વેષમાં પ્રવર્તે છે. સર્વ મનુષ્યો આશારૂપ દાસીના વશમાં વર્તે છે, કોઇ વિરલા મનુષ્યો આત્માના સ્વરૂપને ઓળખવા લક્ષ દે છે.

**બહિરાતમ મૂઢા જગ જેતા, માયા કે ફંદ રહેતા,**
**ઘટ અંતર પરમાતમ ધ્યાવે, દુર્લભ પ્રાણી તેતા. (અ)**

બાહ્ય વસ્તુઓમાં આત્મબુદ્ધિ ધારણ કરનારા જગતમાં જેટલા મૂઢ મનુષ્યો છે, તેઓ માયાના ફંદમાં વર્તે છે. 'વિષ્ટાનો કીટક વિષ્ટામાં' જ મરે- તે રીતે માયામાંજ માયા, માયા કરતા મરી જાય છે. પોતાના હૃદયમાં આત્માને ઓળખીને તેની ભાવના કરે એવા મનુષ્યો જગતમાં દુર્લભ છે, પોતાના હૃદયમાં આત્મારૂપ ચિદાનંદ પરમાત્મા બિરાજી રહ્યા છે. - તેમ જ્ઞાન કરવાથી સત્ય તત્ત્વનો અવબોધ થાય છે. હૃદયમાં પરમાત્મ પ્રભુની ભાવના કરવાથી આત્મા તે પરમાત્મા થાય છે.

**ખગ પદ ગગન મીન પદ જલમેં જો ખોજે સો બૌરા,**
**ચિત્ત પંકજ ખો જે સો ચિન્હે, રમતા આનન્દ ભૌરા. (અ)**

પક્ષીઓનો આકાશમાં કેવી રીતે પદન્યાસ થાય છે તેમજ જલમાં માછલાંઓનો કેવી રીતે પદન્યાસ થાય છે - તત્ સંબંધી વિચાર કરનારાઓ મૂર્ખજ ગણાય છે. જે આત્મ તત્ત્વના જિજ્ઞાસુ ભવ્ય સૂક્ષ્મ દષ્ટિ ધારકો હૃદય કમળમાં સત્-ચિત્ અને આનન્દમય આત્મ ભ્રમરને શોધે છે તે પરિપૂર્ણ આનન્દને પામે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં આત્મા રમણતા કરે છે અને તેને માટે રામ કહે છે. આનન્દનો ઘન એવો આત્મા જ રામ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન સમાચાર

# જૈન સાહિત્યના વિપુલ જ્ઞાન ભંડારોમાં જીવનને માર્ગ ચિંધતી દિશા પડેલી છે

## સોનગઢના શ્રી મહાવીરજૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમાં ચતુર્થ જૈન સાહિત્ય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતા શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ

જૈન સાહિત્યમાં ઘણાં જ્ઞાન ભંડારો છે અને આ ભંડારોમાં કેટલીય હસ્તપ્રતોમાં જીવનને માર્ગ ચિંધતું જ્ઞાન પડેલું છે, આ જ્ઞાન ભંડારોમાંથી બહાર લાવી પુસ્તકો પ્રકાશિત કરવામાં આવે તો આ જગતના લોકોને તેનું ફળ મળે અને લાભ મળે, આવું કાર્ય કરવા આ સંસ્થા કાર્યરત છે તે અભિનંદનીય છે

## જૈનસાત્યિ-કલા-શિક્ષણના વિકાસ માટે ઘણું કરવાનું બાકી છેઃ શ્રી અગરચંદજી નાહટા, કુલપતિ શ્રી ધ્રુવસાહેબ વ.ના પ્રેરક પ્રવચનો

આ મુજબ આજરોજ ભાવનગર જીલ્લાના સોનગઢ ખાતે શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમમા બે દિવસ યોજાઇ રહેલા ચતુર્થ જૈન સાહિત્ય સમારોહના ઉદ્‌ઘાટન પ્રસંગે જાણીતાં ઉદ્યોગપતિ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ લાલભાઇએ સમારોહનું મંગલદીપ પ્રગટાવી ઉદ્‌ઘાટન કરતા જણાવ્યું હતું.

શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઇએ આ સંસ્થાના હીરક મહોત્સવ પ્રસંગે આ સાહિત્ય સમારોહની પસંદગી કરી તેને સુંદર સુયોગ ગણાવ્યો હતો તેમણે આ સંસ્થાના કાર્યનિષ્ઠ સંચાલકોએ સંસ્થાને પગભર કરવા જે પુરૂષાર્થ કર્યો છે તેને પણ બિરદાવ્યો હતો.

પ્રમુખસ્થાનેથી જાણીતા વિદ્વાન શ્રી અગરચંદજી નાહટાએ જણાવ્યું હતું કે, જૈન સાહિત્ય જૈન-કલાના વિકાસ માટે કાર્ય કરવું ખૂબ જરૂરી છે જૈન લોકોનો ધન માટે ખ્યાલ છે પણ જૈન સંસ્કાર હવે ધીરે ધીરે ઓછા થતાં જાય છે, જો આવુ જ ચાલશે તો આગામી પેઢી માટે અંધકારમય ભાવિ રહેશે માટે અત્યારે જૈન સમાજ જૈન સંસ્થાઓ માટે મારો એવો અનુરોધ છે કે જૈન સમાજે શિક્ષણ પર ભાર મૂકવો જોઇએ.

અતિથિવિશેષપદેથી ભાવનગર યુનિ.ના કુલપતિ શ્રી ઈન્દુભાઇ ધ્રુવે જણાવ્યું કે, જૈન ધર્મ એ કોઈ સંકુચિત ધર્મ નથી સમાજ માટે વિશ્વ માટે આ ધર્મનો ઉપયોગ કરી શકાય તેમ છે તેમણે જણાવ્યું કે આ ધર્મમાં રહેલી ભાવના પ્રમાણે સમાજના વિકાસ માટે ચારિત્ર અને સંસ્કારનો વિકાસ થાય તે માટે કાર્ય કરવું જરૂરી છે અત્યારે લોકો જયારે ભૌતિક સુખ પાછળ પડયા છે પણ શાંતિ મળતી નથી પરંતુ સાચી શાંતિ તો જ મળે કે જો ધર્મના સત્યોને જીવનમાં ઉતારવાનું મળે, દેશમાં અસમાનતા, શોષણખોરી વધે છે. ભગવાન મહાવીરના સિદ્ધાંતોને જો જીવનમાં ઉતારીએ તો આ સમસ્યા હલ કરી શકાય એમ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈપણ યુનિવર્સિટીમાં જૈન ચેર નથી ભાવનગરમાં જૈન દર્શનના અભ્યાસ માટે સુયોગ્ય વાતાવરણ છે જો આ સ્થપાય તો જૈન સાહિત્ય અને જૈન દર્શન માટેનું સરસ કાર્ય થાય તેવું સૂચન પણ શ્રી કુરેસાહેબે પોતાના વકતવ્યમાં કર્યું હતુ.

પ્રારંભમાં સ્વ. કરમશીભાઈ શાહને શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી મહેમાનોનું ફુલહાર વડે સ્વાગત કર્યા બાદ પ્રવચન સ્વાગત મંત્રી ડૉ. ધનવંત શાહે કર્યું હતું આ પ્રસંગે આવેલા શુભેચ્છા સંદેશાનું વાચન શ્રી મણિકાંતભાઈ શેઠે કર્યું હતું.

જેના તત્વાધામમાં આ સમારોહ યોજાઈ રહ્યો છે એ શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણરત્નાશ્રમ સોનગઢ આશ્રમનો પરીચય તથા આ વર્ષે આશ્રમનું હીરક વર્ષ હોઇએ અંગેની માહિતી શ્રી શિવજીકૂવરજી વિક્રમશીએ આપી હતી ડૉ. રમણલાલ શાહે પૂ૦ વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજના પુસ્તકોનું અનાવરણ કર્યું હતું આ તથા આજના અતિથિવિશેષોનો પરિચય કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ખીમજીભાઈ ડી. વોરાએ તથા આભાર દર્શન શ્રી કે. સી પટેલે કર્યું હતું.

# અહિંસા

(દોહરા)

ત્રણ અક્ષરના શબ્દમાં, અમૃત છે છલકાય,
એક 'અ' નીકળી જતા, વિષ હળાહળ થાય-૧

એ 'અ' વળગે નીતિને, વાળે સત્યાનાશ,
અનીતિ આલમ મહી, કરે ધર્મનો નાશ-૨

વળી વળગે-ન્યાયને, ઇન્સાફ થાય હતાશ
સુલેહ શાંતિ સ્થાપકો, થાય બધા નિરાશ-૩

અહંપદ હિંસા તણું, ક્રોધ તણું હથીયાર,
રાગ દ્વેષના જોરથી, થાયે કંઈક ખુવાર-૪

'અહિંસા' વિણ જગતમાં, ચાલે નહિ વ્યવહાર;
હિંસાથી સંસારમાં, સલામતી ન લગાર-૫

'અ' આવે મુળ સ્થાપકે 'સબસલામત' થાય,
અશાંતિ અંધાધુંધી; આપો આપ સમાય-૬

અહિંસા સૌ ધર્મમાં, પરમ ધર્મ ગણાય;
'અમર' અહિંસા એક છે, વિશ્વશાંતિ ઉપાય-૭

**અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેની આપ સહુ રાહ જોઇ રહ્યા હતા
તે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થનાર

# શ્રી સુમતિનાથ ચરિત્ર

ચરમ ભવ વર્ણન સ્વરૂપ ભાગ-૨
લગભગ તૈયાર થઇ ચૂકયો છે.

જેનો ઉદ્દઘાટન સમારોહ પૂ૦ મણિવર્યશ્રી અશોકસાગરજી મ.સા.ની નિશ્રામાં સં. ૨૦૩૯ મહાવદ ૨ ને રવિવાર તા. ૩૦-૧-૧૯૮૩ કરવામાં આવશે.

ભાષાંતરકર્તા :-
પૂ૦ પન્યાસ પ્રવર ગુરુદેવશ્રી
શ્રી અભયસાગરજી મ.સા.ના શિષ્ય
મુનિશ્રી રવીન્દ્ર સાગરજી મ.

સ્થળ
તખતગઢ મંગલ ભુવન
તળેટી રોડ. પાલીતાણા
જી. ભાવનગર
સમય બપોરના :- ૩-૩૦ કલાકે

આપસહુને આપણા આ સમારોહમાં હાજરી આપવા વિનંતી છે.

લી.
શાહ હીરાલાલ ભાણજીભાઈ
પ્રમુખ
શ્રી જૈન આત્માનંદ સભા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન

**મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના**

વરદ્દહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદસારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

( કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ )

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** ( અમારૂં નવું પ્રકાશન )

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલ્પવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનંદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે

**કિંમત રૂા. ૮-૦૦**

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠિ શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મુળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| સ્ત્રી નીર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદત્ત આખ્યાન | ૮-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫-૦૦ |
| શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ્ | ૫-૦૦ |

## ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે | |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| લે.સ્વ. પૂ. આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકું બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| ધર્મ પરીક્ષા ગ્રંથ | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| તીર્થંકર દર્શન ચોવીશી | ૫-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : સ્વ શેઠ હરિલાલ દેવચંદ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

For Private And Personal Use Only